


> “ટેલિવિઝન માહિતી, સાંસ્કૃતિક અને મનોરંજનના પ્રાથમિક સ્ત્રોત તરીકે સમાજમાં કાર્ય કરે છે. તેની સમાજ પર શૈક્ષણિક, મનોવૈજ્ઞાનિક અને અને સામાજિક સકારાત્મક અસર પડે છે”

દરેક ઘરનું અવિભાજ્ય અંગ એટલે...

ટેલિવિઝન

વૈવિધ્ય

સ્માર્ટ ટીવી જોતી આજની જનરેશનને શું ટેલિવિઝનનો ઉદ્ભવ કેવી રીતે થયો અને શરૂઆતથી અત્યાર સુધીમાં તેમાં કેટલાં પરિવર્તનો આવ્યાં તેની ખબર છે? કદાચ ના. આપણામાંથી ઘણા ભૂતકાળના દિવસો યાદ કરતા હોય છે કે અમે તો ટીવી બધાં સાથે બેસીને તેમાં રામાયણ અને મહાભારત જોતાં હતાં. બરાબર ને? અને આજે જુઓ તો ટીવીમાં કેટલાં મોટાં પરિવર્તનો આવી ગયાં છે. હવે આપણે ટીવી શોના સમય પ્રમાણે નહિ પરંતુ આપણા સમય પ્રમાણે ટીવીના શો પણ જોઈ શકીએ છીએ. મિત્રો, આજે ૨૧ નવેમ્બરને વર્લ્ડ ટેલિવિઝન ડે તરીકે પણ ઊજવવામાં આવે છે. ટેલિવિઝનની સમાજ પર પડતી સકારાત્મક અસરને ધ્યાનમાં રાખીને આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ નિમિત્તે આજે ઘરના એક અવિભાજ્ય અંગ તરીકે બની ગયેલા ટેલિવિઝનનો જન્મ ક્યારે અને કેવી રીતે થયો અને તેની આપણા સમાજ પર કેટલી સકારાત્મક અસર થાય છે તેના વિષે આપણે વાત કરવાના છીએ.

» ટેલિવિઝનનો ઉદ્ભવ અને શરૂઆત

ટેલિવિઝનની શરૂઆત ૧૯૫૯માં એક રાજ્ય સંચાલિત શૈક્ષણિક પ્રયોગથી થઈ હતી. તેની શરૂઆત ૧૫ સપ્ટેમ્બર, ૧૯૫૯ના રોજ નવી દિલ્હીમાં યુનેસ્કો સમર્થિત એક પ્રયોગ દ્વારા ૪૦ કિમીના રેડિયસમાં આવતાં ફક્ત ૨૧ વિસ્તારોમાં પ્રસારિત થઈ શકે તેવા લો-પાવર્ડ ટ્રાન્સમીટર દ્વારા કરવામાં આવી. ત્યાર બાદ, પ્રતિમા પૂરી દ્વારા ૧૯૬૫ માં પાંચ મિનિટના ન્યૂઝ બુલેટીન અને કૃષિદર્શન શરૂ કરવામાં આવ્યાં અને ૧૯૭૨ થી ૧૯૭૫-૭૬ દરમિયાન દિલ્હીથી મુંબઈ સુધીનાં રાજ્યોમાં અને ત્યાર બાદ દેશનાં અન્ય મુખ્ય શહેરોમાં નાસાની મદદ લઈને સેટેલાઈટ લોન્ચ કરીને પહોંચ્યું. ૧ એપ્રિલ, ૧૯૭૬માં ટેલિવિઝન સત્તાવાર રીતે ઓલ ઈન્ડિયા રેડિયોથી અલગ થઈને દૂરદર્શન બન્યું જેનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં જાગૃતિ અને શિક્ષણનો પ્રસાર કરવાનો હતો. ૧૫ ઓગસ્ટ, ૧૯૮૨ના રોજ કલર ટેલિવિઝનની શરૂઆત સાથે વડાં પ્રધાન ઈન્દિરા ગાંધીના સ્વતંત્રતા ભાષણનું અને નવમા એશિયન ગેમ્સનું પ્રસારણ થયું. આખરે ૧૯૮૪ થી ટેલિવિઝન મનોરંજન ક્ષેત્રે આગળ વધ્યું અને આપણને ‘હમ લોગ’, ‘બુનિયાદ’ જેવા આઇકોનિક શોઝ મળ્યા અને સાથે સાથે ‘રામાયણ’ અને ‘મહાભારત’નું પ્રસારણ પણ શરૂ થયું. ના દાયકામાં ટેલિવિઝન ઝડપથી આગળ વધતું ગયું અને દેશના દરેક ખૂણામાં વિસ્તરતું ગયું. તે સાથે કેટલીક પ્રાઈવેટ ચેનલ્સ જેવી કે સ્ટાર ટીવી, ઝી ટીવી, CNN અને સન ટીવી ના આગમનથી દૂરદર્શનની મોનોપોલી તૂટી. ત્યાર બાદ દેશવિદેશના સેટેલાઈટ સાથે જોડાણ થયું અને આપણું વિશ્વ એક નાનકડા ટેલિવિઝનમાં સીમિત થઈ ગયું.

» ટેલિવિઝનનું મોડર્ન સ્વરૂપ

૨૦૦૩ માં ડીશ ટીવી લોન્ચ થવાની સાથે DTH સર્વિસની શરૂઆત થઈ અને ટીવી પર ઘણી મલ્ટી ચેનલનું પ્રસારણ થવા લાગ્યું અને આજે મોબાઈલ ડેટા અને સ્માર્ટ ટીવીના આગમન પછી ટેલિવિઝનનું સ્વરૂપ જડમૂળથી બદલાઈ ગયું. ટેલિવિઝન પર OTT પ્લેટફોર્મ જેવા કે જીયો સિનેમા, ડીઝની હોટસ્ટાર , નેટફ્લીક્સ અને એમેઝોન પ્રાઈમ વિડીઓએ પ્રવેશ કર્યો અને લોકો પોતાની પસંદના શોઝ અને મુવીઝ પોતાને સગવડ હોય તે સમયે જોતાં થઈ ગયા.

» ટેલિવિઝનની સમાજ પર થતી અસર

માહિતી, સાંસ્કૃતિક અને મનોરંજનના પ્રાથમિક સ્ત્રોત તરીકે સમાજમાં કાર્ય કરે છે. તેની સમાજ પર શૈક્ષણિક, મનોવૈજ્ઞાનિક અને અને સામાજિક સકારાત્મક અસર પડે છે.

» માહિતી અને શૈક્ષણિક અસર

માધ્યમથી આપણને વૈશ્વિક, રાષ્ટ્રીય તેમ જ રાજકીય અને પ્રાદેશિક સમાચાર જાણવા મળે છે. આ સિવાય, એવી ઘણી એજ્યુકેશનલ ચેનલ્સ જેવી કે ડીસ્કવરી ચેનલ , જીયોગ્રાફિક ચેનલ હોય છે જેના થકી આપણને દુનિયાભરની વિવિધ માહિતી મળી શકે છે. ટેલિવિઝન પર કેટલાક કુકિંગ શોઝ, ડાન્સ અને સિંગિંગ રીયાલીટી શોઝ અને વિવિધ ગેમ શોઝ પણ જોવા મળે છે જે ઉભરતી પ્રતિભાઓને પ્રોત્સાહન અને નવી તક આપવાનું કામ કરે છે.



» મનોરંજન પ્રદાન કરે

વિવિધ સાંસ્કૃતિક સ્પર્શ ધરાવતી ફિલ્મો, રમતગમત અને વિવિધ સીરિઝ જોઈ શકાય છે. ટેલિવિઝન પર મનપસંદ ગીતો અને કોમેડી શોઝ પણ જોવા મળે છે જે વ્યક્તિને માનસિક તનાવમાંથી રાહત આપવામાં મદદરૂપ થાય છે.

» એકલતા દૂર કરે

એકલતા અનુભવતી વ્યક્તિઓ ટેલિવિઝન પર આવતા શોઝ કે મુવીઝનાં પાત્રો સાથે તાદાત્મ્ય સાધીને પોતાની એકલતા દૂર કરે છે.

» ભાષા અને સાક્ષરતા

બાળકો અને બિનપ્રાદેશિક લોકોને નવું શબ્દભંડોળ આપે છે અને ભાષાનું જ્ઞાન વધારે છે. આમ, ટેલિવિઝન દરેક ઘરનું એક અવિભાજ્ય અંગ બની ગયું. જો કે તેને વધારે પડતું જોવાથી તેની આડઅસર પણ ચોક્કસ થાય છે જેમ કે સ્થૂળતા આવવી, આંખને નુકસાન થવું કે ટીવી પર બતાવવામાં આવતાં પાત્રોને વાસ્તવિક સમજીને તે પ્રમાણે વર્તન કરવું વગેરે. તેમ છતાં, આપણને સૌને ટીવી પર પોતાના મનપસંદ શોઝ કે મુવીઝ જોવાં ગમે છે અને ગમતું રહેશે જ.... બરાબર ને?

